**અરજી દાખલ થયા** **તા.૧૨/૧૨/૨૦૧૯**

**અરજી રજી.થયા** **તા.૧૨/૧૨/૨૦૧૯**

**અરજી ફેસલ થયા** **તા:૧૦/૧૧/૨૦૨૦**

**અવધિ:** **વ. માસ. દિવસ.**

**ભચાઉના મે.નવમા એડીશનલ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં, મુ.ભચાઉ.**

**ફોજદારી રીવીઝન અરજ.નં.૧૭/૨૦૨૦**

**આંક–**

**અરજદાર :–** રબારી રાજાભાઈ હરભમભાઈ

ઉ.વ.આ. ૨૨, ધંધો– ખેતી

રહે. રબારી વાસ, કલ્યાણપર,તા.રાપર–કચ્છ.

**વિરૂધ્ધ**

**સામાવાળા:–** સરકાર

**અરજદાર તર્ફે વિ. વકીલશ્રી એ.આર.મકવાણા**

**સામાવાળા તર્ફે વિ.સરકારી વકીલશ્રી ડી. એસ. જાડેજા**

**બાબત –**<u>ક્રિ.પ્રો.કોડની કલમ–૩૯૭ (૧) મુજબ રીવીઝન અરજી.</u>

**// <u>ચુકાદો</u> //**

(૧) અરજદારે રાપર પોલીસ સ્ટેશન સે.ગુના રજી.નં.૩૧૩૪/ ૨૦૧૯, પ્રોહી એકટની કલમ– ૩૨૩,૫૦૪,૨૯૪(ખ),૫૦૬(૨),૧૧૪ તથા જી.પી.એકટ કલમ ૧૩૫ મુજબના ગુનાના કામે કબજે કરેલ મોબાઈલ વીવો VIVO Y93 IMEI No.867102045449358, 867102045449341 ની વચવાળાની કસ્ટડી પરત મેળવવા માટે મુદામાલની અરજી ક્રિ. પ્રો. કો. ની કલમ–૪૫૧ મુજબ ગુજારેલી જે નામંજુર(૨દ) કરતો હુકમ તા.૦૭/૧૧/૨૦૧૯ ના રોજ જયુ. મેજી.ફર્સ્ટ કલાસ, રાપર–કચ્છ નાઓએ કરેલ તેથી તે હુકમથી નારાજ થઈ હાલની રીવીઝન અરજ ગુજારેલી છે જેની વિગત વંચાણે લીધી.

(૨) આ કામે અરજદાર તરફે વિ.વકીલશ્રીની લંબાણપુર્વકની મૌખિક દલીલ સાંભળી. તેઓની દલીલનો મુખ્ય સારાંશ એવો છે કે,આ કામે ઈ.પી.કો.કલમ ૩૨૩,૫૦૪,૨૯૪(ખ),૫૦૬(૨),૧૧૪ તથા જી.પી.એકટ કલમ ૧૩૫ મુજબના ગુનાના કામે મુદામાલ મોબાઈલ કબજે કરવામા આવેલ છે. ટ્રાયલને અંતે આ મુદામાલ સરકારે ખાલસા કરવાપાત્ર થતો નથી. વધુમા આ મુદામાલ મોબાઈલ લાંબા સમયથી બિન વપરાશી પોલીસ સ્ટેશનમા પડી રહે તો તેને નુકશાન થાય છે અને અરજદારનુ કાયમ ઉપયોગ માટેનુ આ સાધન છે. આ મુદામાલ સબબ એફ.એસ.એલ.મા મોકલાવવાની તે સલગ્નની કામગીરી માટે પોલીસ વ્યાજબી તક અને સમય મળેલો છે. આવા સંજોગોમા ટ્રાયલ કોર્ટે મુદામાલ અરજી નામંજુર જાહેર કરતી વખતે આ તમામ બાબતોનુ મૂલ્યાંકન કરેલુ નથી અને તેવા સંજોગોમા ટ્રાયલ કોર્ટે કરેલો હુકમ રદ કરી મુદામાલ મોબાઈલ વચગાળાની કસ્ટડીમા આપવા દલીલ કરેલી છે.

(૩) આ કામે સામાવાળા તરફે વિ.સરકારી વકીલશ્રીની લંબાણપુર્વકની દલીલ સાંભળી, તેઓની દલીલનો ટુંકમાં મુખ્ય સારાંશ એવો છે કે, ફોનમાથી કેટલીક માહીતી બનાવ બાબતેની આપ લે કરવામા આવેલી છે તે રીતે મીડિયામા ફરતી થયેલી છે. આવા સંજોગોમા જો આરોપીને મુદામાલ મોબાઈલ પરત આપવામા આવશે તો મોબાઈલમાની હકીકત ફરી સોશિયલ મીડીયામા ફરતી કરશે જેથી આરોપીની મુદામાલ અરજી નામંજુર કરતો ટ્રાયલ કોર્ટે જે હુકમ કરેલો છે તે કાયદેસર વ્યાજબી અને યોગ્ય છે તેથી તેને કાયમ કરવા દલીલ કરેલી છે.

(૪) આ કામે ટ્રાયલ કોર્ટનુ મુદામાલ અરજીનુ અસલ રેકર્ડ વંચાણે લીધુ.

(૫) ઉપરોકત હકીકતે હાલની રીવીઝન અરજીના નિર્ણય માટે નીચે મુજબના મુદદા ઉપસ્થિત થાય છે.

૧. શુ અરજદાર પુરવાર કરે છે કે ટ્રાયલ કોર્ટનો મુદામાલ અરજી નામંજુર કરતો હુકમ ગેરકાયદેસરનો કે કાયદા વિરૂધ્ધનો, અનિયમીત, અસ્પષ્ટ, કાયદાના

પ્રસ્થાપિત સિંધ્ધાતની વિરૂધ્ધનો , ભુલ ભરેલો, હસ્તક્ષેપને પાત્ર, તેમજ રદ થવાને પાત્ર છે ?

૨. શું હુકમ ?

(૬) ઉપરોકત મુદાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

૧. મુદદા નં.૧ નકારમાં

૨. મુદદા નં.૨ આખરી હુકમ મુજબ .

ઉપરોકત નિર્ણય માટેના મારા વિગતવારના કારણો નીચે મુજબ છે.

–// <u>કા ર ણો</u> //–

**મુદા નંબર.૧ , ૨ ::–**

(૭) આ કામે એફ.આઈ.આર. ની વિગતો ઘ્યાને લેવામા આવે તો ફરીયાદીને માર મારવામા આવતો હતો અને ફરીયાદી પાસે જાહેરમા માફી મંગાવામા આવેલી હતી તે બાબતનુ વિડીયો રેકોર્ડીંગ થયેલુ છે અને તે સોશિયલ મીડિયામા ફરતુ થયેલુ છે અને તે આધારે ફરીયાદીએ આ બાબતની ફરીયાદ પોલીસમા કરેલી છે અને ગુનો દાખલ થયેલો છે. આવા સંજોગોમા આ મુદામાલ મોબાઈલમા બનાવ સંદર્ભેના વિડિયોની બાબતો આ તબકકે ઘ્યાને લેવા પાત્ર જણાય છે. આવા સંજોગોમા આ તબકકે જો આરોપીને મોબાઈલ પરત આપવામા આવે તો ફરીયાદી ઉપર દબાણ લાવવાનો બનાવ બની શકે છે અથવા ફરીયાદીને માનસીક રીતે તોડી પાડવાનો પ્રયત્ન થઈ શકે તેમ છે. આમ, ટ્રાયલ કોર્ટે મુદામાલ અરજી નામંજુર(રદ) કરતી વખતે મહત્વની બાબત ઘ્યાને લીધેલ છે અને અત્રેની કોર્ટે તે બાબતની સાથે સહમત છે તેવા સંજોગોમા ટ્રાયલ કોર્ટે કરેલા હુકમમા હસ્તક્ષેપ કરવા માટે વ્યાજબી , ન્યાયીક કારણ મને જણાતુ નથી તેથી મુદ્દા નં.૧ નો જવાબ નકારમા આપુ છુ.

આમ અરજદારની રીવીજન અરજી ઉપરોકત સંજોગો જોતા મંજુર કરી શકાય નહી તેવા નિર્ણય ઉપર આવી નીચે મુજબનો હુકમ ફરમાવુ છુ.

// <u>**હુ ક મ**</u> //

**૧)** આથી, અરજદાર ની હાલની રીવીઝન અરજી ''**નામંજુર(રદ)**'' કરવામાં આવે છે.

૨) જયુડી. મેજી. ફર્સ્ટ કલાસ રાપરનાઓના રાપર પોલીસ સ્ટેશન સે.ગુના રજી.નં.૩૧૩૪/ ૨૦૧૯ , પ્રોહી એકટની કલમ– ૩૨૩,૫૦૪,૨૯૪(ખ),૫૦૬(૨),૧૧૪ તથા જી.પી.એકટ કલમ ૧ ૩૫ મુજબના ગુનાના કામે કબજે કરેલ મોબાઈલ વીવો VIVO Y93 IMEI No.867102045 449358,867102045449341 ની મુદામાલ અરજીને નામંજુર(રદ) કરતા તા. ૦૭/૧૧/ ૨૦૧૯ ના રોજના હુકમને આથી કાયમ કરવામાં આવે છે.

૩) હુકમની એક નકલ ટ્રાયલ કોર્ટના રેકર્ડ સાથે બાંધવા માટે મોકલવી.

૪) ટ્રાયલ કોર્ટનું અસલ રેકર્ડ તાત્કાલીક અસરથી પરત મોકલવું.

આ હુકમ આજરોજ તા.૧૦ મી, માહે–નવેમ્બર સને ૨૦૨૦ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૦ /૧૧/૨૦૨૦

સ્થળ : ભચાઉ–કચ્છ

(એમ.એફ.ખત્રી)

૯ માં એડીશનલ સેસન્સ જજ,

ભચાઉ–જી.કચ્છ

જીજે૦૦૬૯૧